ગલ/ અગત્યનું

ક્રમાંક:માધ્ય/ક.૧/૨૦૧૯/૧૦૮૨
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગરતા.૨૧/૦૯/૨૦૧૯

પ્રતિ,

સંચાલકશ્રી/આચાર્યશ્રી,

બિન સરકારી અનુદાનિત (ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
ભાવનગર જિલ્લો.

વિષય: બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓના ધો-૯ અને ૧૦ ના નવા/ક્રમિક વર્ગ વધારાની જાહેરાત તેમજ બહોળી પ્રસિદ્ધિ બાબત.

સંદર્ભ: કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: ઘ/માધ્ય/અનદ-૨/૨૦૧૯-૨૦/૨૬૮૮૨-૨૬૯૧૬ તા.૧૮/.૯/૨૦૧૯.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓના ધો-૯ અને ૧૦ માટે જૂન-૨૦૧૯ થી ક્રમિક/નવા વધારાના વર્ગો માટે શાળાઓએ અરજી કરવા અંગે જાહેરાત તા.૧૮/૦૯/૨૦૧૯ સંદેશ, ગુજરાત સમાચાર દૈનિક વર્તમાનપત્રમાં કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગર દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જિલ્લાની જે માધ્યમિક શાળાઓ જૂન-૨૦૧૯ થી ક્રમિક/નવા વર્ગ વધારા કરવા માંગતી હોય તેવી શાળાઓએ નીચેની વિગતે સૂચનાઓને ધ્યાને લઈ ઓનલાઈન અરજી કરવાની રહેશે.

- જિલ્લાની જે માધ્યમિક શાળાઓ જૂન-૨૦૧૯ થી ક્રમિક/નવા વર્ગ વધારાની અરજી કરવા માંગતી હોય તેવી શાળાઓએ ઓનલાઈન અરજી http://cos.gipl.in/link પર જઈ આ સાથે સામેલ જાહેરાતમાં દર્શાવેલ સૂચનાઓને ધ્યાને લઈ કરવાની રહેશે.
- શાળા દ્વારા વર્ગ વધારાની અરજી ઓનલાઈન કરવાની છેલ્લી તા.૦૫/૧૦/૨૦૧૯ છે. આથી નિયત નમૂનામાં તમામ વિગતો ભરી આધારો અપલોડ કરી તા.૦૫/૧૦/૨૦૧૯ સુધીમાં ફરજીયાતપણે અરજી સબમીટ કરવાની રહેશે.
- જાહેરાતમાં દર્શાવ્યા મુજબ તા.૧૮/૦૯/૨૦૧૯ થી તા.૦૫/૧૦/૨૦૧૯ સુધી અરજી ફી નું ચલણ ભરેલું સ્વીકૃત ગણાશે અને આ સિવાયની અગાઉની તારીખથી અથવા સમય મર્યાદા બાદ ભરેલું ચલણ સ્વીકૃત ગણાશે નહિ.
- આપના દ્વારા ઓનલાઈન અરજી કર્યા બાદ નિયમિત રીતે ઓનલાઇન અરજી કરેલ એકાઉન્ટ ચકાસતા રહેવાનું રહેશે તથા આપના રજીસ્ટર્ડ મોબાઈલ નંબરના SMS ચકાસતા રહેવું. આપના દ્વારા કરાયેલ ઓનલાઈન અરજીમાં ક્વેરી અંગેનો ઓનલાઈન સૂચના/SMS મળે તો સમય બગાડ્યા વિના સત્વરે પૂર્તતા કરી દરખાસ્ત પુન: સબમીટ કરવાની રહેશે. જો આપવામાં આવેલ નિયત સમયમર્યાદામાં પૂર્તતા કરવામાં નહિ આવે તો દરખાસ્ત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. આ અંગેની જવાબદારી શાળાની રહેશે.
- હાર્ડકોપીમાં કોઈપણ પ્રકારની ફાઈલ કે આધારો રજૂ કરવાના રહેશે નહિ. જેની ખાસ નોંધ લેવી.

Scanned by CamScanner

- આપની કક્ષાએથી અધૂરી/અયોગ્ય આધારોવાળી કોઈપણ દરખાસ્ત સબમીટ ન થાય તેની ખાસ કાળજી રાખશો.

ઉપરોક્ત વિગતે જિલ્લાની તમામ શાળાઓની વર્ગવધારાની ઓનલાઈન અરજી અન્વયે કાર્યવાહી સમયમર્યાદામાં સુયોગ્ય રીતે પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

બિડાણ: ઉપર મુજબ

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

**નકલ રવાના:**

શિ.નિ. શ્રી તથા મ.શિ.નિ. શ્રી,

એસ.વી.એસ. તમામ,

સદર કચેરી. /- આપના એસ.વી.એસ. ની તમામ ગ્રાન્ટેડ મા. અને ઉ.મા. શાળાઓમાં ઉક્ત બાબતે જાણ તથા કાર્યવાહી કરાવવા સારૂ .

Scanned by CamScanner

ઇમેઇલ/ તાત્કાલિક
અગત્યનું

ક્રમાંક :ઘ/માધ્ય/અનદ-૨/૨૦૧૯-૨૦/૨૫૮૮૨ - ૨૫૯૧૬
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.૧૮/૯/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓના ધો-૯ અને ૧૦ના નવા/ક્રમિક વર્ગવધારાની જાહેરાત તેમજ બહોળી પ્રસિધ્ધિ બાબત.

સંદર્ભ : માહિતી/૧૧૧૩/૧૯-૨૦/તા.૧૮/૯/૨૦૧૯ની સંદેશ , ગુજરાતસમાચાર દૈનિક વર્તમાનપત્રમાં વર્ગવધારાની જાહેરાત.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રાજયની બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓના ધો-૯ અને ૧૦ માટે સંદર્ભમાં દર્શાવ્યા મુજબ જૂન-૨૦૧૯ થી ક્રમિક/નવા વધારાના વર્ગો માટે શાળાઓએ અરજી કરવા અંગે જાહેરાત તા.૧૮/૯/૨૦૧૯ નારોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. શાળા ધ્વારા વર્ગવધારાની અરજી ઓનલાઇન કરવાની છેલ્લી તા.૦૫/૧૦/૨૦૧૯ અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરીએ સ્થળતપાસ કરવાની છેલ્લી તા.૨૫/૧૦/૨૦૧૯ છે.

ઉકત વિગતે આપના જિલ્લાની શાળાઓ વર્ગવધારા માટેની દરખાસ્ત સમયસર કરી શકે તે માટે આ સાથે સામેલ રાખેલ જાહેરાતને આપની કચેરીના નોટિસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવાની રહેશે તથા તમામ શાળાઓને આ બાબતની જાણ થાય તે માટે બહોળી પ્રસિધ્ધિ અર્થે તમામ શાળાના આચાર્યશ્રી/ શાળા સંચાલકશ્રીઓને પરિપત્ર કરી આ બાબતની જાણ કરવાની રહેશે તેમજ વર્ગવધારાની અરજી અન્વયે નીચેની મુજબની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

- વર્ગવધારા અંગે શાળાઓએ જાહેરાતમાં દર્શાવ્યા મુજબ ઓનલાઇન અરજી કરવાની રહેશે તેમજ આપની કચેરી ધ્વારા સ્થળતપાસ કરી તેનો અહેવાલ આપના સ્વયં સ્પષ્ટ અભિપ્રાય સહ ઓનલાઇન રજુ કરવાનો રહેશે.
- હાર્ડકોપીમાં કોઇપણ ફાઇલ સદર કચેરીને રજૂ કરવાની રહેશે નહી.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના લોગઇન આઇડી/ પાસવર્ડ આ સાથે સામેલ રાખી મોકલવામાં આવે. આ પાસવર્ડ મળતાની સાથે જ તુરંત જ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ પાસવર્ડ Reset કરવાનો રહેશે અને તેને ખાનગી રાખવાનો રહેશે જો , પાસવર્ડ લીક થવાથી વર્ગ મંજૂરીની દરખાસ્ત અન્વયે કોઇપણ પ્રશ્નો ઉપસ્થિત થશે તો તે અંગેની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની અંગત જવાબદારી ઠરશે.
- જાહેરાતમાં દર્શાવ્યા મુજબ તા.૧૮/૯/૨૦૧૯ થી તા.૦૫/૧૦/૨૦૧૯ સુધી જ અરજી ફી નુ ચલણ ભરેલુ સ્વીકૃત ગણાશે અને આ સિવાયની અગાઉની તારીખથી અથવા સમય મર્યાદા બાદ ભરેલુ ચલણ સ્વીકૃત ગણાશે નહી

Scanned by CamScanner

Scanned by CamScanner

- આપના જિલ્લાની તમામ દરખાસ્તો સંપૂર્ણ વિગતો તથા તેના સૂચવેલ આનુષાંગિક આધાર પુરાવાઓ સહ રજૂ થયેલ છે કે કેમ ? તે સુનિશ્ચિત કરવાનું રહેશે, અધુરાશવાળી/ખૂટતા આધારો વાળી અરજીઓની આપની કક્ષાએથી ચકાસણી કરી, (વર્ગવધારા સોફ્ટવેર માર્ગદર્શન- વર્કશોપમાં આપેલ સૂચના મુજબ ) શાળાના એકાઉન્ટમાં પુર્તતાના રીમાર્કસ સહ પરત કરવાની રહેશે. અને પુર્તતા પૂર્ણ થયા બાદ જ ઓનલાઇન નિયામકશ્રી, શાળાઓના એકાઉન્ટમાં સબમીટ કરવી. તે આપની કક્ષાએથી થનાર પરિપત્રમાં આપના જિલ્લાઓની તમામ શાળાઓને જાણ કરવી કે શાળાએ અરજી કર્યા બાદ નિયમિત રીતે પોતાની ઓનલાઇન અરજી ચકાસતાં રહેવું તથા તેઓના રજીસ્ટર્ડ મોબાઇલ નંબરના SMS ચકાસતા રહેવું, જો કોઇ કવેરી અંગેનો ઓનલાઇલન અરજીમાં સૂચના/SMS મળે તો સમય બગાડયા વિના સત્વરે પુર્તતા કરી દરખાસ્ત પુનઃ સબમીટ કરવી, જો આવેલ પુર્તતા સમયમર્યાદામાં રજૂ કરવામાં નહી આવે તો તે દરખાસ્ત ગ્રાહ્ય નહી રાખવામાં આવે તે માટે શાળા જવાબદાર બનશે.
- આપના જિલ્લાની તમામ અરજીઓ અન્વયે તપાસ કરી, નિયત નમૂનામાં તમામ વિગતો ભરી, આપના સ્વયં સ્પષ્ટ અભિપ્રાય સહ તા. ૨૫/૧૦/૨૦૧૯ સુધીમાં Online સબમીટ કરવાની રહેશે, તા.૨૫/૧૦/૨૦૧૯ના રોજ રાત્રીના ૧૨.૦૦ કલાકે આપનું ઓનલાઇન એકાઉન્ટ આપોઆપ બંધ થઇ જશે આથી સ્થળતપાસ અહેવાલ પુરો કરવા અને દરખાસ્ત ઓનલાઇન નિયામકશ્રી શાળાઓની કચેરીના એકાઉન્ટમાં તા.૨૫/૧૦/૨૦૧૯ કે તે પહેલાં અવશ્ય સબમીટ કરવાની રહેશે.
- આપની કક્ષાએથી અધૂરી/અયોગ્ય આધારોવાળી કોઇપણ દરખાસ્ત Sabmit ન થાય તેની ખાસ કાળજી લેશો.

ઉપરોકત વિગતે આપના જિલ્લાની તમામ શાળાઓની વર્ગવધારાની ઓનલાઇન અરજી અન્વયે કાર્યવાહી સમયમર્યાદામાં સુયોગ્યરીતે પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

(એચ.એન.ચાવડા)
સંયુકત શિક્ષણ નિયામક
(માધ્યમિક)
ગુ.રા., ગાંધીનગર

બિડાણ : ઉપર મુજબ

Scanned by CamScanner

# કમિશનર, શાળાઓની કચેરી,
# બ્લોક નં. ૯/૧, ડૉ. જી.મ. ભવન,
# ગુ.રા., ગાંધીનગર

રાજ્યની બિન સરકારી અનુદાનિત (ગ્રાન્ટ ઇન એઇડ) માધ્યમિક શાળાઓમાં ધો-૯ અને ૧૦ના નવા/ક્રમિકવર્ગ વધારા અન્વયે જૂન-૨૦૧૯થી વર્ગ શરૂ કરવાની મંજૂરી મેળવવા માટે ઓનલાઇન અરજી કરવા નીચે મુજબની પ્રક્રિયા કરવા સબંધિતોને જણાવવામાં આવે છે.

૧. બિન સરકારી અનુદાનિત (ગ્રાન્ટ ઈન એઈડ) શાળાઓ ધો-૯ અને ૧૦ નવા/ક્રમિક વર્ગવધારાની ઓનલાઈન અરજી **http://cos.gipl.in/ link** પર જઈ કરી શકશે. જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ઓનલાઈન અરજી કરી શકાશે, અરજી કરવાની છેલ્લી તા. ૦૫/૧૦/૨૦૧૯ રહેશે. અરજી માત્ર અને માત્ર ઓનલાઈન જ કરવાની રહેશે.

૨. ઓનલાઈન અરજી કરવા અંગેની સૂચનાઓ **http://cos.gipl.in/** પર મૂકવામાં આવેલ છે. જે ધ્યાને લઈને ઓનલાઈન અરજી કરવાની રહેશે તથા આનુષાંગિક તમામ આધાર પૂરાવાના સ્કેન કરી અપલોડ કરવાના રહેશે. અધૂરાશવાળી કે અપૂરતા આધારો પૂરાવાઓ વાળી અરજીઓ દફતરે કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી.

૩. અરજી અન્વયે નિયત ફી રૂ. ૨૫૦૦/- કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંકમાં નીચે મુજબના સદરે ચલણથી ભરવાની રહેશે. અને આ ચલણની નકલ ઓનલાઈન અપલોડ કરવાની રહેશે. જાહેરાતની તારીખથી તા. ૦૫/૧૦/૨૦૧૯ દરમિયાન ભરેલુ ચલણ સ્વીકૃત ગણાશે. ૦૨૦૨-શિક્ષણ અને કલા, ૦૨ અપર રીસીપ્ટ, ૦૨-સેકેન્ડરી એજ્યુકેશન પરચુરણ વસુલાત

૪. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ તેઓના એકાઉન્ટમા મળેલ પોતાના જિલ્લાની શાળાઓની ઓનલાઈન અરજીઓ સંદર્ભે સૂચના અનુસાર સ્થળ તપાસની કાર્યવાહી પૂર્ણ કરી, તા. ૨૫/૧૦/૨૦૧૯ સુધીમાં નિયામકશ્રી, શાળાઓની કચેરીના એકાઉન્ટમાં નિયત નમૂનામાં ઓનલાઈન અરજીઓ સબમીટ કરવાની રહેશે.

૫. જે સંસ્થાએ ઓનલાઈન અરજી કરેલ ન હોય તેમજ સમયમર્યાદામાં ચલણ ભરેલ ન હોય તેવી દરખાસ્તો ને ધ્યાને લેવામાં આવશે નહી.

Sd/-
(ડી.પી. દેસાઈ)
નિયામક
શાળાઓની કચેરી
ગુ.રા., ગાંધીનગર

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૧૮/૯/૨૦૧૯
માહિતી/૧૧૫૩/૧૯-૨૦

Scanned by CamScanner